અપીલ અરજી નં.૨૧૪ તા.૯–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૧૪–૬–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.માં જુ.ઈજનેર,ડે.ઈજનેર,કાર્યપાલક ઈજનેર,ઝોનલ ઓફિસરને કરદાતાના કામો અંગે અમો અરજી કરતાં હોય તે કામો થતા ન હોય ત્યારબાદ કમિશ્નરને અરજી કરવામાં આવતી હોય તો આ કરવામાં આવેલ અરજી બાબતે કમિશ્નરની મુલાકાત અથવા એપોઈમેન્ટ લેવી હોય તો કેટલા દિવસ પહેલા કમિશ્નરના પી.એ.ને મળવું પડે અને મળ્યા બાદ કેટલા દિવસ પછીની કમિશ્નરને મળવાની એપોઈમેન્ટ આપે અથવા આપી શકે તે બાબતની રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૪/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા.૧૪–૬–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.માં જુ.ઈજનેર, ડે.ઈજનેર, કાર્યપાલક ઈજનેર, ઝોનલ ઓફિસરને કરદાતાના કામો અંગે અમો અરજી કરતાં હોય તે કામો થતા ન હોય ત્યારબાદ કમિશ્નરને અરજી કરવામાં આવતી હોય તો આ કરવામાં આવેલ અરજી બાબતે કમિશ્નરની મુલાકાત અથવા એપોઈમેન્ટ લેવી હોય તો કેટલા દિવસ પહેલા કમિશ્નરના પી.એ.ને મળવું પડે અને મળ્યા બાદ કેટલા દિવસ પછીની કમિશ્નરને મળવાની એપોઈમેન્ટ આપે અથવા આપી શકે તે બાબતની રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સી./૭૫૧તા. ૨૩–૬–૧૧થી આપવામાં આવેલ માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૬ તા.૧૭–૮–૧૧થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર આપે રજુ કરેલ છે તે સ્વંય સ્પષ્ટ હોવા છતાં તથા તેમની ૨૫–૫–૧૧ની અરજીમાં તમોએ સ્વંય સમય જણાવેલ હોવા છતાં ખોટી માહિતીના દાવા અંગે આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી/૧૩૧૮ તા.૩–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૨ તા.૧૫–૬–૧૧ થી નિયત સમય અવધિમાં ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરીને અરજી તબદીલ કરેલ પત્રની નકલ , ઉચ્ચ અધિકારીઓની મુલાકાત અંગેના પત્ર સીએમએફ/૧૩ તા.૧૮–૫–૮૭, નં.સી.એમ.એફ/૨૦ તા.૨–૬–૮૭ ના, સીએમએફ/૧૫ તા.૨–૭–૯૬ , સી.એમએફ/૩૯ તા.૨૮–૧–૦૨ પરીપત્રોની નકલ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી/૭૫૧ તા.૨૩–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારનો તા.૨૫–૫–૧૧ ના રોજ કમિ.શ્રીને પાઠવેલ પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૮–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૪–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ /જાવક/ ૩૮૨ તા.૧૫–૬–૧૧ થી નિયત સમય અવધિમાં ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરીને અરજી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી./૭૫૧ તા.૨૩–૬–૧૧ થી " જયારે મ્યુ. કમિ.શ્રી કચેરીમાં હોય ત્યારે તેમની અનુકુળતા અનુસાર કાર્યભાર ધ્યાને લઈ મુલાકાત આપવામાં આવે છે. " તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૧ જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવી તા.૯–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં રેકર્ડ આધારીત માહિતી આપેલ છે ખોટી કે ગેરમાર્ગે દોરવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. જેમાં અરજદારે મે જે સંબધિત વિભાગ પાસે માંગેલ તે માહિતી ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરીને શા માટે તબદીલ કરવામાં આવેલ અને મને કોઈ માહિતી મળેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વધુ સ્પર્શતા લાગત ખાતાને કે જયાંથી માહિતી મળવાની હોય અને જે ખાતાના વિભાગને સ્પર્શતી હોય તે રીતે સદર માહિતી મ્યુ. કમિ.શ્રી ની હોય મ્યુ. કમિ.ની કચેરી એટલે કે મધ્યસ્થ કચેરીને સ્પર્શતી થાય તેથી તે અરજી તેમને તબદીલ કરવામાં આવેલ. જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત છે. તેમજ તેમના તરફથી કોઈ માહિતી નહીં મળ્યાના અરજદારના દાવા અંગે મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારી ડે.કમિ. હોય તેમના તરફથી સી./૭૫૧ તા.૨૩–૬–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડેલ છે. આથી અરજદારે

અપીલના મુદ્દા નં.૨ માં કરેલ દાવાને સમર્થન મળતું નથી. જયારે તેમણે અપીલના મુદ્દા નં.૩ માં તેવી માહિતી આપ્યાની પણ કબુલાત કરેલ છે. વધુમાં અપીલના મુદ્દા નં.૩ તે અંગે કેટલા દિવસ પહેલા એપોઈમેન્ટ લેવી પડે તે સમય અને ટાઈમની મર્યાદા જણાવવામાં આવેલ નથી જેથી માહિતી અધૂરી હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે આપેલ માહિતીમાં કમિ.શ્રી કચેરીમાં હાજર હોય ત્યારે અનુકુળતાએ કાર્યભારે ધ્યાને રાખી મુલાકાત આપે છે. આથી કેટલા દિવસેની મુલાકાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેમ છતાં સમય બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સુરત મહાનગપાલિકાને લગતા વિવિધ કામો અંગે મુલાકાત બાબતે જુદા જુદા સમયે બહાર પાડવામાં આવેલ સી.એમએફ/૧૩ તા.૧૮–૫–૧૯૮૭, નં.સી.એમ.એફ/૨૦ તા.૨–૬–૮૭ ના, સીએમએફ/૧૫ તા.૨–૭–૯૬ અને સી.એમએફ/૩૯ તા.૨૮–૨–૦૨ થી પરીપત્રો બહાર પાડવામાં આવેલ છે. જેમાં સીએમએફ/૨૦ તા.૨–૬–૮૭ ના પરીપત્રમાં મ્યુ. કમિ.શ્રી ની મુલાકાતનો સમય જણાવવામાં આવેલ છે . જેની વિગતો અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે રજૂ પણ થયેલ છે. તે જોતાં અરજદારને તેમણે આપેલ માહિતી તેને સુસંગત જણાય છે. અરજદારના અપીલના મુદા ૪ માં મે જે માહિતી માંગેલ અને મને જે માહિતી મળેલ તે તદ્દન ખોટી છે કમિ.શ્રીની મુલાકાત માટે તા.૨૫–૫–૧૧ ના રોજ કરવામાં આવેલ અરજી ધ્યાનમાં લેવામાં આવે તો જાણ થાય કે શું કમિ. ને સમય મુજબ મળવા દેવાશે શા માટે કમિ.શ્રીને મળવા માટે અરજની કરવી પડે અને પીઓ એપોઈમેન્ટ ન આપે તો વાત આ અરજી પરથી સાબિત થાય તેવી રજૂઆત કરેલ છે. અરજદારે તા.૨૫–૫–૧૧ ના પત્રમાં મુલાકાત મેળવવા અંગેની રજૂઆત કરેલ છે. તેમની જ રજૂઆતમાં કમિ.શ્રી ના પી.એ.એ ચિઠ્ઠી લખીને આપી જાવ અને તમને ફોન કરીને બોલાવીશુ તેવું જણાવેલ. જે અંગે અરજદારના તેમના જ તા.૨૩–૮–૧૧ ના પત્રમાં તા.૧૬–૬–૧૧ ના રોજ બપોરે ૧.૨૭ .૦૦ વાગે ફોન પર જણાવેલ. ત્યારે અરજદારે કમિ.શ્રીને ૪.૩૦ વાગે મળવા જણાવેલ. અને કમિ.શ્રીના પી.એ. ને ૪.૨૫.૦૦ વાગે મળેલ અને ૪.૪૦ મુલાકાત કરાવેલ. આમ અરજદારને કમિ.શ્રીની મુલાકાત કરાવવામાં આવેલ છે. તેવું તેમની અરજીમાં અરજદારે ખુદ જણાવેલ છે. આમ અરજદારને તેમની અરજીમાં માંગેલ માહિતી તેમજ અપીલમાં કરેલી રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કમિ.શ્રીને મુલાકાત અંગેની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાય છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે મ્યુ. કમિ.શ્રીનો દરજજો તથા કાર્યભારણને અનુલક્ષી તેવો મુલાકાતનો સમય ફેરફારને આધીન રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુલાકાત અંગેની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો અપીલ તબકકે પૂરક વિગતોથી રજૂ થયેલ પત્રોની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની નિયત ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માંગણી કરી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે નિયત ફી ભરપાઈ કરી હુકમની અમલવારી કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ એમ પટેલ,